દીક્ષા પછીના પ્રથમ વર્ષે જ શ્રી રામવિજયજી મહારાજને તેમણે વ્યાખ્યાન કરવાનો આદેશ આપ્યો. અને વ્યાખ્યાન સાંભળીને પીઠ થાબડતાં કહ્યું કે, 'તુ અચ્છા વ્યાખ્યાતા હોગા.' આ ભવિષ્યવાણી એટલી બધી સચોટ પુરવાર થઈ કે એમનાં મૂર્તિમંત ઉદાહરણ રૂપે આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજનું ચારિત્ર સાક્ષીભૂત છે.

આવા ચમત્કારો પછી તાબડતોબ ત્યાંથી વિહાર કરી જતા!

જન્મ : સં. ૧૯૦૮ : પડવા ગામ (ભાવનગર). દીક્ષા : સં. ૧૯૩૫ અંબાલા (પંજાબ). ઉપાધ્યાયપદ : સં. ૧૯૫૭ (પાટણ). સ્વર્ગવાસ : સં. ૧૯૭૫ (ખંભાત).

(સંકલન : 'શ્રી દાન-પ્રેમ વંશવાટિકા'માંથી સાભાર.)

## સિદ્ધાંત અને સમાચારીની રક્ષા માટે જેઓ જુસ્સાપૂર્વક ઝઝુમ્યા અને તેથી જ શ્રી જૈનશાસનમાં જેઓ 'સદ્ધર્મસંરક્ષક' તરીકે પ્રસિદ્ધિ પામ્યા એવા

# પૂ. આચાર્યદેવશ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજ

વર્તમાનમાં વિચરતા મોટા ભાગના સાધુસમુદાયના એક પ્રભાવક નાયક તરીકે પૂ. આત્મારામજી મહારાજનું નામ અવિસ્મરણીય રહે તેવું છે. તેઓશ્રીની પાટ પર પણ એવા જ પ્રભાવશાળી પુરુષ થઈ ગયા. તેમનું નામ હતું સદ્ધર્મસંરક્ષક પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયકમલસૂરીશ્વરજી મહારાજ. પૂ. મુનિવર શ્રી લક્ષ્મીવિજયજી મહારાજના શિષ્ય, પૂ. આત્મારામજી મહારાજના પ્રભાવક પટ્ટધર અને શ્રી સુધર્માસ્વામીજીની ૭૪મી પાટને પોતાના પ્રચંડ ચારિત્રપ્રભાવથી અને નીડર પડકારથી શોભાવી જનારા આ મહાપુરુષ અનેક રીતે પૂ. આત્મારામજી મહારાજના ઉત્તરાધિકારી હતા. કોઈની યે શેહમાં નહિ તણાવાની, સત્યના નિરુપણમાં સિંહ જેવો નાદ જગાવવાની અને નિઃસ્પૃહતાની પરાકાષ્ટાની કળા તેમણે પૂ. આત્મારામજી મહારાજ પાસેથી મેળવી હતી. બાર વર્ષની ઉંમરે તેમણે યતિ-દીક્ષા મેળવી હતી. પણ તપ-ત્યાગની સાધના કરવા નીકળનારને એ પાલવે ખરી? તેથી તેઓ સ્થાનકવાસી દીક્ષિત બન્યા. આ સંપ્રદાયમાં ત્યાગ હતો, પણ સત્ય નહોતું. તેથી અંતે પૂ. આત્મારામજી મહારાજ સાથે તેમણે પણ સંપ્રદાયત્યાગ કર્યો અને સંવેગી દીક્ષા સ્વીકારીને મુનિશ્રી કમલવિજયજી બન્યા.

પૂ. કમલવિજયજી મહારાજના લલાટે બ્રહ્મનું તેજ ઝગારા મારતું હતું. તેઓશ્રી મોટે ભાગે હિન્દીમાં જ બોલતા. અને બોલતા થોડું, પણ નાભિના ઊંડાણમાંથી શબ્દો એવા નીકળતા કે મુમુક્ષુઓ માટે તો એ બોલ માર્ગદર્શક મશાલ બની જતા. ભલભલા રાજા-મહારાજાને શરમાવે એવા રૂપના ધારક આ મહાપુરુષ હિંસાના હિમાયતી રાજવીઓ સમક્ષ અહિંસાનો એવો સચોટ અને સજ્જડ ઉપદેશ આપતા કે સહવર્તીઓને ય ત્યારે એમ થઈ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

જતું કે, મહારાજ આ કેટલું બધું કડક સંભળાવી રહ્યા છે! પરંતુ તેઓશ્રીનાં વચનોની ધારી અસર થતી.

પૂ. આત્મારામજી મહારાજની પાટ પૂજ્યશ્રીએ વફાદારી અને વીરતાથી દીપાવી. જીવનમાં એવા પ્રસંગો આવ્યા કે જ્યારે કડવા થઈ ને ય સત્યની રક્ષા કરવાનો પ્રસંગ ઊભો થયો ત્યારે ઘરના કે પરનાનો ભેદ રાખ્યા વિના તેઓશ્રીએ જે શાસ્ત્રયુસ્તતા દાખવી તેનો ઇતિહાસ ખૂબ ગૌરવભર્યો છે. ખુમારી, સત્યપ્રીતિ અને પવિત્રતા તો તેઓશ્રીની જ. જીવનનાં છેલ્લાં વર્ષોમાં શહેરમાં રહેવાનું થતાં, ત્યાં થઈ રહેલો મર્યાદાનો સાર્વત્રિક લોપ જોઈ ને તેઓશ્રી બોલી ઊઠ્યા કે, 'શહેરી લોગ ચંદન કી ચિતા સે જલાયેંગે, તો લકડી સે જલાનેવાલે ગામડે મૌજૂદ હૈ. મૃત્યુ બિગાડના નહીં હૈ.' અને પૂજ્યશ્રી શહેર છોડીને, ગામડામાં જઈ ને સાધનામાં મગ્ન બન્યા. અંતે એક મોટા શહેરની પાસે આવેલા ગામડામાં જ તેમનું જીવન સમાધિપૂર્વક પૂર્ણ થયું. તેઓશ્રીએ શાસનની રક્ષા કાજે પોતાની જાતનો વિચાર કર્યા વિના જે ન્યોછાવરી દાખવી તે વિરલ કહી શકાય તેવી હતી. પૂજ્યશ્રીની ટૂંકી વિગતો નીચે પ્રમાણે છે :

જન્મ : સં. ૧૯૦૮ સરસા (પંજાબ), યતિ દીક્ષા : સં. ૧૯૨૦ (પંજાબ), સ્થાનકવાસી દીક્ષા : સં. ૧૯૨૯ જીરા (પંજાબ), સંવેગી દીક્ષા : સં. ૧૯૩૨ અમદાવાદ, આચાર્યપદ : સં. ૧૯૫૭ પાટણ અને સ્વર્ગવાસ : ૧૯૮૩ જલાલપુર (નવસારી).

## પોલીસ પટેલમાંથી પલટાયેલાં, પ્રખર વ્યક્તિત્વના ધારક એવા શાસનના સમર્થ સેનાની : સકલાગમ રહસ્યવેદી : જ્યોતિષમાર્તંડ મહાપુરુષ

# પૂ. આચાર્ય શ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજ

પૂ. આત્મારામજી મહારાજના સમુદાયે એકત્રિત થઈ ને શ્રી કમલવિજયજી મહારાજને આચાર્યપદારૂઢ કરવાનો નિર્ણય લીધો અને પાટણમાં એ પ્રસંગ ઉજવાયો ત્યારે શ્રી વીરવિજયજી મહારાજે સૌની ઇચ્છાને માન આપીને ઉપાધ્યાયપદનો સ્વીકાર કર્યો હતો. પૂ. આચાર્યશ્રી કમલસૂરીશ્વરજી મહારાજની પાટને શોભાવતા પૂ. ઉપાધ્યાય શ્રી વીરવિજયજી મહારાજ સમર્થ મુનિવર્ય હતા. પરંતુ સં. ૧૯૭૫માં તેઓશ્રી સ્વર્ગવાસી બનતાં આ પાટ-પરંપરા પર શ્રી કમલસૂરીશ્વરજી મહારાજે શ્રી દાનસૂરીશ્વરજી મહારાજ અને શ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજને સ્થાપિત કર્યા.

શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા અને શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજા જેવા બે અણમોલ રત્નના ઘડવૈયા તરીકે શ્રી દાનસૂરીશ્વરજી મહારાજાએ જૈનશાસનને જે પ્રદાન કર્યું છે તેનું તો મૂલ જ થાય તેમ નથી! ઝીંઝુવાડાના વતની આ મહાપુરુષે ૨૨ વર્ષની વયે પૂ. ઉપાધ્યાયજી વીરવિજયજી મહારાજના શિષ્ય બનીને, સંયમ સ્વીકારીને, જ્ઞાન-ધ્યાન

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org